Aam Ras activity was conducted by AYSG for maids, watchmen and construction laborers who put great time & efforts in physically tiering jobs in serving various communities. This activity was held all over India & all of them were overwhelmed by this noble gesture of Arham group for them.



ગરીબો, મજુરો, વોચમેન્સ આદિને સીઝનમાં 'આમ-રસ' પીવરાવ્યા પછી ઘરે આવીને કેરીનો સ્વાદ અને સંતોષ કંઈક અલગ જ હોય ! દર વર્ષે કેરીની સીઝનમાં મેંગો મિલ્ક શેક અને રસ-પૂરીનું જમણ જમાડવામાં આવે છે.

## JUICE-ON-WHEELS

AYSG decided to dedicate an activity in loving memory of Arhamite Dhara Avlani who expired on April 16, 2015. Juice-on-wheels was a very thoughtful activity done by AYSG-Kolkata this summer. They distributed 7,500 glasses of cold litchi juice to slum dwellers and people on streets.



અર્હમ ગ્રુપ ગરમીમાં શરબત અને આઈસક્રીમનું વિતરણ તો કરે જ છે પણ અર્હમાઈટની સ્મૃતિમાં 7500 ગ્લાસ લીચીના શરબતનું વિતરણ, એમના એક બીજા પ્રત્યેના સ્નેહને વ્યક્ત કરતી પ્રસંશનીય પ્રવૃતિ !!

•••

## ARHAM HELP

Arham Help is a small part of successful AYSG mission blessed by Pujya Gurudev. It's primary objective is women's emancipation and to provide them financial independence. Women are trained to develop and master the skills that are showcased through our products (paper bags, saree covers, cardboard boxes, platters etc.). With Gurukrupa, our products have reached Bangalore, Chennai and Ranchi.



# વિક્રમજનક
## મહા પસ્તી અભિયાન-3

**4,000+**

Nanhe Taare Educational Kits
for Children of Community Servants,
Helpers & Domestic Servents

**MAHA PASTI ABHIYAN 1**
Supported 1000 blind families






**MAHA PASTI ABHIYAN 2**
Donated Dialysis Machine, Rajawadi Hospital, Ghatkopar

છેલ્લા દસ વર્ષથી ઘરે ઘરે જઈ જૂના ન્યુઝ પેપર્સ કલેક્ટ કરી, એની આવકમાંથી લાખો રૂપિયાના જીવદયા અને માનવતાના સત્કાર્યો કરતા અર્હમ ગ્રુપના સભ્યો છેલ્લા ત્રણ વર્ષથી વર્ષમાં એક દિવસ મહા પસ્તી અભિયાનનું આયોજન કરે છે.

પ્રથમ વર્ષે મહા પસ્તી અભિયાન-1 દ્વારા થયેલ એક જ દિવસના પસ્તી કલેશનથી 1000 પ્રજ્ઞાચક્ષુ પરિવારોને મિષ્ટ ભોજન જમાડી એક મહિનાની ગ્રોસરી કીટ આપી હતી.

બીજા વર્ષે મહા પસ્તી અભિયાન-2 દ્વારા થયેલ આવકમાંથી ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં ડાયાલીસીસનું મશીન અર્પણ કરતાં આજે અનેક લોકો એનો લાભ લઈ રહ્યાં છે.

'પસ્તી સે પુસ્તક' ના લક્ષ સાથે કરેલ મહા પસ્તી અભિયાન-3 માં અર્હમ ગ્રુપે કર્યું વિક્રમજનક પસ્તી કલેકશન!! 'પસ્તી સે પુસ્તક' અભિયાનનું લક્ષ હતું જૂના પેપર્સની આવકમાંથી ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને એજયુકેશન આપી સાક્ષર સમાજનું નિર્માણ કરવું.

***'એક મહિનાની પસ્તી આપો...***
***એક બાળકને ભણાવો'.***

હાર્ટ ટચ આ સૂત્ર એ રેસીડેન્સીયલ કોમ્પલેક્ષ, કોરપોરેટસ્, IBIS હોટલ, હોસ્પિટલ, કંપનીઝ અને નાનામાં નાની વ્યક્તિએ પણ પોતાનું યોગદાન આપતાં માત્ર મુંબઈમાં જ 16 કલાક અને 46 મિનીટસ્માં 61,825 કિલો (એકસઠ હજાર, આઠસો પચ્ચીસ કિલો) પસ્તી કલેકટ કરી હતી, જ્યારે કોલકત્તા, ચેન્નઈ, રાજકોટ, અમરાવતી, અમદાવાદ આદિ ક્ષેત્રો મળીને કુલ 1,46,376 કિલો (એક લાખ છેતાલીસ હજાર, ત્રણસો છોત્તેર કિલો) વિક્રમજનક પસ્તી કલકેટ થઈ છે.





ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

# # Help Nepal Campaign

# AYSG SENDS 10,000+ KGS

## of relief material for Nepal earthquake survivors!

7,000 kgs Food and Grocery ♦ 1,200 Blankets
♦ More than 1.5 tons of other Relief Material

April 25, 2015, a tragic day for Nepal that caused mass destruction and devastation for millions of people and billions of dollars of loss of property due to the 7.9 magnitude earthquake. The loss cannot be quantified or explained in words. Arham Yuva Seva Group (AYSG) quickly took action for Nepal relief activities in various ways.

AYSG organized the Nepal Relief Camp from April 27,2015. On the very first day, AYSG sent food items having longer shelf life and nutrition rich thepla(masala whole wheat flat bread) and sukhdi (a healthy Gujarati sweet) through air cargo. Within few days, AYSG donated *1,73,600 thepla, 2.5 ton sukhdi, 1,200 Blankets, 2 ton rice, 500kg chana-dal, medicines, hygiene products and rehabilitation material (tarpaulin sheets, cotton blankets, buckets, tumblers, torches, candles, matchsticks, etc.).*

The items were dispatched in 5-7 different batches through air cargo and trains. There were two central collection centers for effective distribution of relief material (Pawandham-Mumbai and Parasdham-Kolkata). To ensure that the relief material reaches to the right place, the right people, and on-time, AYSG volunteers loaded the relief material onto trucks and again unloaded it in the cargo and trains by themselves. We also received the confirmation of receipt of relief material from the authorities.

We would like to express our heartfelt gratitude to all our donors, volunteers, well-wishers, and supporters who spent sleepless nights and tiring days for swift execution of Nepal Relief Camp that was organized by AYSG with blessings and guidance by our Spiritual Mentor Pujya Gurudev Shree Namramuni Ji Maharaj Saheb. We thank Mr. Mangal Bhanushali, BJP Mumbai for his support and cooperation throughout the campaign.

We also organized an online campaign on ketto.org to accept donations from around the world. We were overwhelmed with the support and cooperation received from all the sections of the society. We were flooded with phone calls and messages from various geographic locations wishing to lend a helping hand for all the affected people. Donors contributed both in cash and relief material with open heart. This campaign not only strengthened our faith in humanity but also bonded different people together with the strings of love, care and affection.

















## નેપાલમાં ધરતીકંપ અને ઈન્ડિયામાં અર્હમ ગ્રુપ્સ એક્ટીવ થઈ ગયા !

થેપલાં, સુખડી, મેડીસીન્સ અને જરૂરિયાતની વસ્તુઓ લઈને કોલકત્તાથી જ એક ભાઈ ગયાં અને ત્યાંના નેપાલી મિત્રો સાથે મળી નિરાધારોને વિતરણ કર્યું.

# ARHAM for Humanity

## EDUCATION

### RAJKOT



માત્ર ત્રણ જ દિવસમાં 30,000 નોટબુક્સનું વિતરણ કરી અનેક વિદ્યાર્થીઓને સ્કૂલ ખૂલતાં પહેલાં જ ચિંતામુક્ત કરવાનો પ્રયોગ અને વિદ્યાર્થીઓની લાંબી લાઈન લાગી ગઈ.

### WARDHA



જ્ઞાન-દાન શ્રેષ્ઠ દાન - જેઓ એક પેન્સિલ લેવા માટે પણ વિચાર કરતાં હોય, તેમને આટલી મોટી જ્ઞાન દાન કીટ મળી જાય ત્યારે આનંદ અનુભવતા બાળકો !

### AURANGABAD



નવું એકેડેમિક વર્ષ શરૂ થાય અને શરૂઆતમાં જ નવી નવી નોટબુકસ મળે તો બાળકોને કેવી મઝા આવે ? આવી જ મઝા આવી જ્યારે મેહરસિંગ નાયક હાઈસ્કૂલના બાળકોને નોટબુકસ મળી ! !

### SUDAN



ઓમદુરમનની ઈન્ડીયન સ્કૂલ અને ગવર્મેન્ટ સ્કૂલમાં જ્ઞાનદાન કીટ આપી ત્યારે બાળકોના ચહેરા પર આવેલ ખુશી જોઈ અમને સત્કાર્યની તક આપનાર રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવના વિઝન પ્રત્યે મસ્તક ઝૂકી ગયું.

### GHATKOPAR SENIOR



ગુરુકુલ સ્કૂલના બાળકોને એજ્યુકેશન કીટ મળ્યાની ખુશી

### PAWANDHAM SENIOR



આજે હાયર એજ્યુકેશનની એક એક બુક એટલી કોસ્ટલી થઈ ગઈ છે કે સાધરણ માનવી તો ખરીદવાનો વિચાર પણ ન કરી શકે ત્યારે 'અર્હમ બુક બેંક' એક BOON છે.

# Alleviating poverty through the power of Literacy

## EDUCATION

PAWANDHAM



દૂર-દૂર સુધી ચાલીને ભણવા જતા બાળકોને શાતા પમાડવાના લક્ષ સાથે શરૂ કરેલ 'અર્હમ બાઈસીકલ' પ્રોજેક્ટ દ્વારા કેટલાંય બાળકોના ચહેરા પર ખુશી અને નવું જોશ આવ્યું છે.

C.M.T.



કાવંત જેવા આદિવાસી ગામની એકલવ્ય સ્કૂલના બાળકોને જ્ઞાન કીટ સાથે ફુટબોલ, ક્રિકેટ, ટેનીસની કીટ, કેરમબોર્ડ, એક્ટીવીટી બુક્સ અને ઈમીટેશન જ્વેલરી આપતાં બાળકો ખુશીથી ઝૂમી ઉઠયા હતાં.

ANDHERI



કલ્યાણદીપ સ્કૂલના બાળકોના પેરેન્ટસ્‌ને બાળકો માટે રમકડાં, એજ્યુકેશનલ કીટ અને ગ્રોસરી આપતાં પરમાત્માને પ્રાર્થના સાથે આભાર અને ઉપકાર ભાવ વ્યક્ત કરતા પેરેન્ટસ્ !

GHATKOPAR (E)



સ્કૂલ બેગ સાથે જ્ઞાનદાન કીટ મળતાં બાળકો પરમાત્મા અને પ્રેરણાદાતા ગુરુદેવ સાથે અર્હમ્ ગ્રુપનો આભાર માને છે... શિસ્તનું સુંદર દૃશ્ય !!

PARASDHAM



મારા માટે કઈ લાઈન યોગ્ય છે ? સ્ટુડન્ટસ્‌ને મૂંઝવતો મોટામાં મોટો પ્રશ્ન...!! વન ટુ વન બેસીસ સેમિનાર અને એપ્ટીટયુડ ટેસ્ટ દ્વારા માર્ગદર્શન એટલે અર્હમનો કરિયર ગાઈડન્સ સેમિનાર...!!

GHATKOPAR (W)



રત્ન ચિંતામણી ગર્લ્સ સ્કૂલની બાલિકાઓને રેઈન કોટ મળ્યાની ખુશી. હાશ ! હવે વરસાદના કારણે સ્કૂલ અને સ્ટડી miss નહીં થાય ! પ્રિન્સીપલ અને સ્ટાફે કરી ટીમવર્કની પ્રશંસા !

# Rebuilding Hope and Positivity

## COMMUNITY DEVELOPMENT

CHENNAI



'Serving them... Served Us', વિશ્રાંતિના ઓલ્ડ એજ હોમના 120 થી વધુ વૃધ્ધજનોને જમાડતી વખતે વૃધ્ધજનો આશ્ચર્યથી જોઈ રહ્યાં હતાં, ક્યાં અમારા સંતાનો અને ક્યાં આ સંતાનો ? ? ?

MULUND



ટ્રોમ્બેની શ્રી ગુરુદત્ત કૃષ્ણ વસાહતમાં રહેતાં લેપ્રસીના દર્દીઓ સાથે ફ્રેન્ટશીપ ડે ની ઉજવણી કરી અને 100 થી વધુ પરિવારોને જીવન જરૂરિયાત વસ્તુઓ આપી અમે તો ધન્ય બન્યા.

AMRAVATI




સેવાની સાથે સાથે અર્હમ ગ્રુપ જરૂર હોય ત્યાં સ્વાવલંબી પણ બનાવે છે. સીલાઈ મશીન એટલે આજીવિકાનું સાધન. હવે હાથ લાંબો નહીં કરવો પડે, મહેનતનું ભોજન મળશે.

BARODA



અક્ષય તૃતિયાના રોજ તપસ્વીઓને ઈક્ષુરસના પારણા હોય તો ગરીબ અને રાહદારીઓને પણ ઈક્ષુરસનું અમૃત પાન હોય... અર્હમ્ ગ્રુપને માત્ર વિચાર જ ન આવે, તાત્કાલિક અમલમાં પણ આવે !

DOMBIVALI



'તમારી લાઈફ અમૂલ્ય છે' રેલ્વે પ્લેટફોર્મ પર પાટા ક્રોસ ન કરવા અપીલ અને બ્રીજનો ઉપયોગ કરનારને 'થેંક યુ'ના કાર્ડ આપી 'રેલ્વે અવેરનેસ કેમ્પેન' નામનું અર્હમનું નવું પ્રશંસનીય અભિયાન.

KOLKATA



જેમને મુશ્કેલીથી અંગ ઢાંકવા વસ્ત્રો મળતાં હોય તેમને ઠંડીથી રક્ષણ મેળવવા બ્લેન્કેટનો તો વિચાર જ ક્યાંથી આવે ? અને બ્લેન્કેટની સાથે નાસ્તો અને બિસ્કીટ-ચોકલેટસ્ મળે ત્યારે આનંદ કેવો હોય ? ?

# The touch of kindness

## COMMUNITY DEVELOPMENT

### RAJKOT - GONDAL



પ્રેરણાદાતા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવનો જન્મોત્સવ હોય અને માનવતાનું કાર્ય ન હોય એવું બને જ ક્યાંથી ? ? ? એમના વતન લાઠીમાં 2800 બાળકોને બટુક ભોજન.

### GHATKOPAR



નિમિત ચાહે કોઈ પણ હોય, જન્મજયંતિ કે દીક્ષા જયંતિ હોય, યા હોય પ્રવેશ કે વળામણા, પહેલું કાર્ય હોય માનવ સેવા અને જીવદયાનું ! ! ગુરુ ગમે તે ક્ષેત્રમાં હોય સતકાર્ય દરેક ક્ષેત્રમાં થાય જ ! !

### PAWANDHAM



રેસ્ક્યુ ફાઉન્ડેશનમાં રહેતી યુવતીઓ સાથે ઈન્ટરએક્શન દરમ્યાન એમની દર્દભરી દાસ્તાને અમને નાનામાં નાની ખુશીને એન્જોય કરવાની સમજ આપી.

### HYDERABAD



450 થી વધુ લોકોને સ્વહસ્તે ભોજન પીરસવાનો લાભ લીધા બાદ મેટરનીટી હોસ્પિટલમાં 250 ફુડ પેકેટ્સનું વિતરણ કર્યું ત્યારે સમજાયું પ્રયોગ દ્વારા પાઠ અને પ્રેરણા આપવાની આ કેવી અદ્દભૂત પ્રોસેસ !

### KOLKATA



'આ આઈસક્રીમ અમારા માટે જ છે ?' આશ્ચર્ય સાથેનો પ્રશ્ન ! જે આપણે ખાઈએ અને જે આપણને ભાવે, એ જ જરૂરિયાતોને ખવરાવવું એ છે અર્હમનું લક્ષ્ય !

### DOMBIVALI



સ્વચ્છ ભારતને સપોર્ટ કરવા સ્વચ્છતા અભિયાનમાં આજના યંગસ્ટર્સ ફુટપાથ પરથી કચરો વીણીને ગારબેજ બેગમાં ભરતા હોય એ દુર્લભ દ્રશ્ય ક્યારે સર્જાય ? ?

## HEALTH CARE

AKOLA



મુજ અપંગને વ્હીલ ચેર આપી એટલે જાણે નવા પગ આપ્યાં, આજીવિકા માટે આધાર આપ્યો, પરિવારમાં ખુશી આવી.

VASAI



અર્હમ ગ્રુપ અવરનવર આય કેમ્પ કરે છે તો અમારા જેવાને આંખની ટ્રીટમેન્ટ સાથે મોતિયાના ઓપરેશન અને ચશ્મા મળતાં દુનિયા વધુ સુંદર લાગે છે. આંખ વિનાનું જીવન અનુભવે તે જ જાણે !

PARASDHAM



સીનીયર સીટીઝન માટે ફ્રી મેડીકલ ચેક અપ એક આશીર્વાદ રૂપ હોય છે. મેડીકલ ચેક અપ અને દર્દનું નિદાન પણ !!! અવસ્થા થઈ ગઈ હોય ત્યારે મળતી નાની વ્યવસ્થા પણ ઉપકારી લાગે છે.

SUDAN



દર્દીઓને દવા ગરમ અને ભારે ન પડે તે ભાવ સાથે ફ્રુટસ્‌નું વિતરણ... દર્દીઓ ખુશ.. જાણે ઈન્સ્ટન્ટ શક્તિ મળી ગઈ !

KOLKATA



દર અઠવાડિયે ફ્રેન્ડસ્‌ સ્પોર્ટીંગ યુનિયન, નેત્ર આય ફાઉન્ડેશન, રોનક ઓપ્ટીક ઇન્ડિયા, ડો. દિવ્યેશભાઇ શાહ અને શ્રી પ્રાણલાલભાઇ મહેતાના સહકારથી આયોજીત ફ્રી આય ચેક અપ કેમ્પમાં 150 થી વધુ લાભ લે છે.

PAWANDHAM



દર મહિનાની 26 તારીખે BMC હોસ્પિટલમાં 100 જેટલાં ન્યુબોર્ન બેબીઝને બેબી કીટ, ન્યુટ્રીશન્સ્‌ના પેકેટસ્‌ અને મેડીસીન્સ્‌ આપી 'વેલકમ ઝીંદગી' ના પ્રોજેકટને પ્રગતિ કરાવે છે.

# The Happiness of HEALTH

## HEALTH CARE




બીમાર વ્યક્તિને મેડીસીન ન મળે તો શું થાય ? ભાયખલાની સેફર્ડ વિડોસ્ હોમમાં મેડીસીન્સની સાથે પંખા અને ભોજન પણ આપ્યા, ગેઈમ્સ રમ્યા, ગીત-સંગીત સાથે હાઉસી રમાડી, આનંદ કરાવ્યો.




હોસ્પિટલમાં દર્દીઓની સાથેના રીલેટીવ્સને પણ ફીલ્ટર્ડ અને ઠંડુ પાણી મળે એ ભાવ સાથે વોટર કુલર અર્પણ કરતાં અર્હમ્ સભ્યો અને પ્રાર્થના સાથે સ્વીકારતા હોસ્પિટલનો સ્ટાફ.




દવાની સહાય તો ઘણા કરે પણ દવાને સ્ટોર કરવા માટેના સાધનની સહાયનો વિચાર અર્હમ્ ગ્રુપને આવ્યો અને શ્રી મનીષભાઈ સંઘવીનો સહયોગ પ્રાપ્ત થયો. હોસ્પિટલને અર્પણ થયું ફ્રીઝ !!




કોઈને શાતા પમાડે અને જીવતદાન આપે એવી દવાનું દાન આપીએ ત્યારે આનંદ તો થાય જ... પણ સાથે સાથે સત્કાર્ય કર્યાનો આત્મ સંતોષ પણ અવશ્ય થાય જ !!!




આજે જ્યારે બ્લડ ટેસ્ટ જેવા સામાન્ય ટેસ્ટ પણ મોંઘા થઈ ગયા છે ત્યારે ‘ફ્રી મેડીકલ ચેક અપ’ કેમ્પ એક આશીર્વાદ બની જાય છે. પૈસાના અભાવે કેટલાંય લોકો તો ચેક અપ જ નથી કરાવી શક્તા !!




રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવના ચીંચણમાં માનવતા મહોત્સવ અવસરે આસપાસના વિસ્તારોના ગરીબ દર્દીઓને ઓર્થોપેડિક નિદાન સાથે સાધનોનું પણ વિતરણ કરતાં લાંબી લાઈન લાગી હતી.

# Supporting Livelihood. Transforming Lives!

## SUPPORT AN ASHRAM

CHENNAI



ઓલ્ડ એજ હોમમાં એકલાં રહેતા વૃદ્ધ દાદા-દાદીઓને પ્રેમથી જમાડવાની અને એમની સાથે સુખ:દુખની વાતો કરવાની પૂ. ગુરુદેવની પ્રેરણા કેવો આનંદ અપાવે છે.

KOLKATA



હોટલની બહાર ઊભા રહી કલ્પના કરતાં ગરીબ બાળકોને જ્યારે હલ્દીરામ જેવી રેસ્ટોરન્ટમાં જમવા મળ્યું ત્યારે વાનગી અને વાતાવરણને આશ્ચર્યથી જોઈ જ રહેતાં બાળકો.

RAJKOT



ઉનાળાની કાળઝાળ ગરમીમાં 'છાશ' એટલે ગરીબોનું અમૃત અને ગરમી સામે રક્ષણ! છાશ વિતરણ દ્વારા અર્હમ્ ગ્રુપ ગરીબોની સાથે રાહદારી અને વાહન ચાલકોની તૃષાને પણ તૃપ્ત કરે છે.

DOMBIVALI



જન્મ દિવસની આ મિત્રો સાથેની ઉજવણીનો આનંદ જ કંઈક અલગ આવ્યો! મા-બાપ વિનાના અનાથ બાળકોને પ્રેમ ભર્યા હાથે ખવરાવવાનો આનંદ અલગ જ આવ્યો.

KOLKATA



ચિલ્ડ્રન્સ્ ડે સેલીબ્રેશન ઈન યુનિક વે, ફુટ પાથ પર રહેતા 42 બાળકોને લઈ ગયા 'નિકો પાર્ક' અને એમને નવા ટી-શર્ટ આપ્યાં અને મન ગમતું જે ખાવું હોય તે ખવરાવ્યું અને રાઈડસ્‌માં બેસાડયાં.

NALASOPARA



આંખનો પ્રોબ્લેમ તો નાના-મોટા દરેકને હોય. ગોરેગાંવના અનાથ બાળકોની આંખો ચેક કરી અને જેમને જરૂર હતી તે બધાં બાળકોને ડીટેઈલ ચેક અપ માટે ભક્તિ વેદાંત હોસ્પિટલમાં લઈ ગયા હતાં.

# The Gift of Smile!

## SUPPORT AN ASHRAM




કેરીની સીઝનમાં આપણા માટે રોજ આમરસ એમ આ બાળકોને પણ મન તો થાય ને ? ? અર્હમ ગ્રુપ માત્ર જરૂરિયાત જ નથી પૂરી કરતાં, સીઝન પ્રમાણે કેરી, શરબત, બ્લેન્કેટસ્, છત્રી, રેઈનકોટ આદિનું વિતરણ પણ કરે છે.




લાતુરથી 40 કિ.મી. દૂર નિલંગા ગામમાં કડકડતી ઠંડીથી ધ્રુજતા પરિવારોને  ગરમ બ્લેન્કેટસ્નું વિતરણ કરતાં એ પરિવારજનોએ આવી સેવા કરવા માટે આશીર્વાદ આપ્યાં હતાં.




'અમારા ભાગ્યમાં આવી રાઈડસ્નો આનંદ ક્યારે' એવું વિચારતાં બાળકોને જ્યારે રાઈડસ્માં બેસવા મળ્યું ત્યારે થયું કે આ સ્વપ્ન તો નથી ને ! !




દિવાળીમાં પહેલાં બિલ્ડીંગના વોચમેન, સ્વીપર અને રોડ પરના ગરીબ બાળકોને કાજુકતરી ખવરાવી અને પછી ખાધી ત્યારે એની મિઠાસ અલગ જ આવી !




ક્યારેક ગરમ વસ્ત્રો તો ક્યારેક લાડવા આપવાનો આનંદ જ અલગ હોય, પોતે ખાવા કરતાં જેમને ક્યારેય મળતું ન હોય તેમને ખવરાવવાની ખુશીને માત્ર અનુભવાય, વ્યક્ત કેવી રીતે કરાય ?




16 અનાથાશ્રમના 625 થી વધુ બાળકોને મિષ્ટ ભોજન અને નવા ડ્રેસીસ આપીને દીપાવલી પર્વ ઉજવ્યા પછી ફીલ થયું કે આ વખતની અમારી દિપાવલી વધારે Brighter હતી ! !

Co-creating a world of Harmony

## ANIMAL WELFARE

RAJKOT



રાજકોટની મહાજન પાંજરાપોળને પશુઓના ભોજન અને સારવાર માટે અગ્રણીઓ સાથે ચેક અર્પણ કરે છે અર્હમ્ના યંગસ્ટર્સ્ ! પશુઓને અભયદાન સાથે નિભાવ ખર્ચ પણ આપે છે.

AURANGABAD



ભગવાન મહાવીરની જન્મજયંતિ અવસરે જીવદયાનો સંદેશ. પક્ષીઓ માટે દાણા ભરેલાં 3000 બાઉલ્સનું વિતરણ અને દરરોજ પક્ષીઓને એમાં દાણા આપવાનું સૂચન.

ANDHERI



અર્હમના યંગસ્ટર્સ સાથે બાળકો લુક એન લર્નના !! જીવદયાની એકટીવીટીમાં બાળકોને પણ શીખવે છે અબોલ જીવોને ભોજનની સાથે વ્હાલ પણ કરવાનું !!

KOLKATA



ગાયોને જ્યારે ઘાસ અને ખોળની બદલે રોટલી અથવા લાપસીના લાડુનું ભોજન મળે ત્યારે કદાચ એમને એવો જ આનંદ આવતો હશે જેવો આપણને આપણી ભાવતી વસ્તુ મળે ત્યારે આવે !

CHENNAI



વહેલી સવારે બીચ ઉપર એક સાથે 5000 થી વધુ કબૂતરોને પ્રેમથી ચણ નાંખી જમાડયા ત્યારે સર્જાયું એક અદ્દભૂત અને આત્મ સંતોષકારી દૃશ્ય.

RAJKOT



ધૂળેટીને ઉજવી જીવદયાના સત્કાર્યોથી ! રતનપર ગામની માતૃછાયા ગૌશાળા અને ગાયત્રી મંદિર ગૌશાળામાં 100 મણ ઘાસ અને 300 કિલો લાડવાથી તૃપ્ત કરી ગાયોની ક્ષુધા !!

# Compassion in Action

## ANIMAL WELFARE









જ્યારે તાપમાન 43 થી 46 ડીગ્રી થઈ જાય છે ત્યારે માનવીઓ માટે પરબ તો ઘણાં બનાવે છે, અર્હમ અબોલ જીવો માટે પણ દાણા-પાણીની વ્યવસ્થા કરે છે, જૈન-અજૈન ઘરોમાં દાણા-પાણી પાત્ર વિતરણ કરે છે અને થોડા થોડા અંતરે સિમેન્ટની પાણીની ટાંકી મૂકાવે છે. નાના પશુઓ કૂતરા આદિ માટે નાની ટાંકી અને ગાય ભેંસ માટે મોટી ટાંકી !




બકરી બચાવો અભિયાન ₹ 5,80,000/- નું ફંડ ભેગું કરી 176 જીવોને ન માત્ર બચાવ્યાં, પણ મહાજન પાંજરાપોળમાં રહેવાની વ્યવસ્થા કરી એમના નિભાવ ખર્ચની જવાબદારી પણ અદા કરી.




પ્રેરણાદાતા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવનો જન્મોત્સવ એમના વતન લાઠીમાં મહાદેવ ગૌશાળાની ગાયોને લાપસીનું મિષ્ટ ભોજન તથા ₹ 44,000/- નું અનુદાન પશુઓની સારવાર માટે !!




ગીચ વસ્તીવાળા શહેરમાં કબૂતર આદિ પક્ષીઓ માટે કબૂતરખાનાની ન માત્ર વ્યવસ્થા પણ ત્રણ ટાઈમ આહાર-પાણી આપવાના અને દરરોજ ક્લીન કરવાની જવાબદારી પણ અર્હમ્ ગ્રુપ સહર્ષ સ્વીકારે છે.




રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવના સાંનિધ્યે દીક્ષિત થયેલ 9 નવદીક્ષિતાઓ પ્રથમ વખત ગોંડલ પધારતાં એમની સ્મૃતિમાં જીવદયાના સત્કાર્ય કરી પાંજરાપોળના વિકાસ અર્થે ચેક અર્પણ.

2008-2014

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શને અર્હમ યુવા સેવા ગ્રુપ સર્જે છે માનવતા અને જીવદયાની એક અતૂટ શૃંખલા !

### 2008 - 2014 સુધીની રેગ્યુલર એક્ટીવીટીમાં...


**17,500+** બાળકો પામે છે એજ્યુકેશન સહાય. **2500+** દર્દીઓ પામે છે ઓપરેશન સહાય. **22,500+** દર્દીઓ પામે છે મેડીસિન સહાય, દૂધ અને ફ્રુટ જેવા પોષક આહારની સહાય. **11,700+** પ્રજ્ઞાચક્ષુ પરિવાર પામે છે જીવનજરૂરી સહાય. **400+** આયોજિત-આય કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ ચેક અપ કેમ્પ, અવેરનેસ કેમ્પ, એક્યુપ્રેશર એન્ડ એક્યુપંકચર કેમ્પમાં હજારો દર્દીઓ પામે છે, ઉપચારની સાથે સહાય અને સહાનુભૂતિ. **300+** સૌરાષ્ટ્ર, ગુજરાત અને મહારાષ્ટ્રની પાંજરાપોળના હજારો પશુઓ પામે છે આહાર આદિની સહાય. **75+** અંધાશ્રમ, વૃધ્ધાશ્રમ અને અનાથાશ્રમના હજારો આશ્રિતો તેમજ અપંગ અને મંદબુધ્ધિજનો પામે છે જીવનજરૂરી સહાય. **10,700+** બકરીઓ (છેલ્લાં ત્રણ વર્ષમાં) પામ્યાં છે અભયદાન અને સુરક્ષિત પાંજરાપોળમાં આશ્રયસ્થાન. ઉપરાંત સેંકડો ઘાયલ પશુ-પક્ષીઓ પામે છે સારવાર અને જીવતદાન. **3,000+** આય ચેક અપ કેમ્પમાં (છેલ્લાં ત્રણ વર્ષમાં) હજારો દર્દીઓ પામે છે ઉપચારની સાથે સહાય. **275+** મોતિબિંદુના દર્દીઓ (છેલ્લાં ત્રણ વર્ષમાં) ઓપરેશન દ્વારા પામે છે નિરોગી દૃષ્ટિ.

•••

### 2015 ના વર્ષની યશકલગી સમાન મેગા એક્ટીવીટીમાં...

2015

**1,46,376 kgs+** કિલોના વિક્રમજનક પસ્તી કલેક્શનથી **4000+** બાળકો પામ્યાં 'નન્હે તારે જ્ઞાનદાન કીટ'. **10,000+** વોટર પોટ્સના વિતરણ દ્વારા થાય છે હજારો પક્ષીઓની તૃષાતૃપ્ત. **50+** સિમેન્ટના નાના કન્ટેનર દ્વારા થાય છે સેંકડો ચોપગા પશુઓની તૃષાતૃપ્ત. **5000+** લોકો રોજ રાજકોટ અને વડોદરામાં છાશ વિતરણ કેન્દ્રમાંથી પામે છે શીતલ ગુણકારી છાશ. **10.5 ton+** જીવનજરૂરી સામગ્રીની સહાય પામ્યા છે, નેપાલ ધરતીકંપના હજારો નિરાશ્રિતો.



# Lend a Helping Hand!

*Your support is the speed to our Missions.*



## EDUCATION:

### SCHOOL

| | |
|---|---|
| For 1 student's yearly education | ₹ 3,500 |
| For 5 student's yearly education | ₹ 17,500 |

### BOOK BANK

| | |
|---|---|
| Graduation studies 1 year | ₹ 5,000 |
| Post graduation studies 1 year | ₹ 10,000 |
| Support a Book Bank for 1 year | ₹ 50,000 |
| Support a Book Bank for 3 years | ₹ 1,50,000 |

## HEALTHCARE:

### EYE CHECK CAMP

| | |
|---|---|
| 1 cataract surgery | ₹ 2,000 |
| 10 cataract surgeries | ₹ 20,000 |

### MEDICAL SUPPORT SCHEMES

| | |
|---|---|
| 1 Hearing-aid | ₹ 700 |
| 1 Jaipur foot | ₹ 1,300 |
| 1 Wheel chair | ₹ 3,000 |
| 1 Tri-cycle | ₹ 4,000 |
| Support a medical Camp | ₹ 10,000 |
| Sponsor a medical Camp | ₹ 40,000 |

## SUPPORT AN ASHRAM:

| | |
|---|---|
| 1 mate of the Ashram for 1 year | ₹ 20,000 |
| 1 month food expenses | ₹ 50,000 |
| Ashram's 1 month expense | ₹ 75,000 |
| 1 mate's life time expenses | ₹ 5,00,000 |
| Ashram's 1 year expenses | ₹ 8,00,000 |

## COMMUNITY DEVELOPMENT:

### ANNA DAAN

| | |
|---|---|
| 1 month grocery to a family | ₹ 500 |
| 6 month grocery to a family | ₹ 3,000 |
| 1 year grocery to a family | ₹ 6,000 |
| 1 year grocery to 5 families | ₹ 25,000 |

### BICYCLE PROJECT

| | |
|---|---|
| Help 1 child to reach school | ₹ 1,000 |
| Help 5 children to reach school | ₹ 5,000 |
| Help 10 children to reach school | ₹ 10,000 |

## ANIMAL WELFARE:

### GAUSHALA

| | |
|---|---|
| 1 animal daily feed | ₹ 300 |
| Support to save 1 animal | ₹ 1,000 |
| 10 animals daily feed | ₹ 3,000 |
| 1 animal yearly requirements | ₹ 7,000 |
| Gaushala facilities | ₹ 1,00,000 |

### DISTRIBUTION OF WATER POTS

| | |
|---|---|
| Donate 1 water pot | ₹ 100 |
| Donate 10 water pots | ₹ 1,000 |




www.arham.org 07666708869 info@arham.org
/ArhamYuvaSevaGroup /AYSGIndia /ArhamYuvaSevaGroup /AYSGIndia

# ઋણ સ્વીકાર





- Arhamite Shree Yatinbhai Shah

અમે... અર્હમ યુવા સેવા ગ્રુપના યંગસ્ટર્સ માટે માનો અર્હમ અમારી લાઈફનો એક પાર્ટ છે. અર્હમ વિનાની લાઈફની તો અમે કલ્પના પણ ન કરી શકીએ. આ મિશન પ્રત્યે ડેડીકેટેડ છે તે બધાં માટે આ એક સત્ય હકીકત છે, એક વાસ્તવિક્તા છે.

અમે અર્હમ યુવા સેવા ગ્રુપની એકટીવીટીઝ પ્લાન કરવામાં અને એને અમલમાં મૂકવા પાછળ જે સમય સ્પેન્ડ ર્ક્યો છે ? એ સમય, જે અમે અનાથાશ્રમના બાળકો અને વૃધાશ્રમના વડીલો સાથે વિતાવ્યો છે ? એ સમય, જે બ્લાઈન્ડ પીપલને જમાડવામાં પસાર ર્ક્યો છે ? યસ, એ તો અમારી લાઈફની અમૂલ્ય મોમેન્ટસ છે.. અવિસ્મરણીય અને યાદગાર યાદોં છે !

હવે એક બીજા સમયનો વિચાર, અમારા પરિવાર, (માતા-પિતા, બાળકો, લાઈફ પાર્ટનર) માટે અમે કેટલો સમય આપ્યો છે ? શું અમને ક્યારેય વિચાર આવ્યો છે એમના એ સમયનો, જે અમે એમને આપી નથી શક્યાં ? શું અમારા પરિવારજનોને ખરેખર ખબર છે અમે અર્હમમાં જોડાઈને શું કરી રહ્યાં છીએ ? યસ, તેઓ એટલું તો અવશ્ય જાણે છે કે, અર્હમમાં જોડાઈને અમે માનવસેવા અને જીવદયાની સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યાં છીએ, પણ શું તેઓને અમારા હર એક પ્રોજેકટની જાણ હોય છે ખરી ? ?

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની કૃપા અને એમણે અમારામાં સીંચેલા સંસ્કારના કારણે અમને એક વિચાર આવ્યો, પૂજ્ય ગુરુદેવ ડોમ્બીવલી પધાર્યા. પૂજ્ય ગુરુદેવ જ્યાં પધારે ત્યાં પોઝીટીવ વાતાવરણ સાથે મહોત્સવ જેવો માહોલ હોય. અમે એ તકને ઝડપી લીધી. અમે, અર્હમાઈટસ એ નક્કી ર્ક્યુ, પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં જ આપણા પેરેન્ટસે, આપણને જે એમનો સમય અને સપોર્ટ આપ્યો છે તેનું ઋણ સ્વીકાર કરીએ અને અમે પૂ. ગુરુદેવની આજ્ઞા અને આશીર્વાદ સાથે *'ઋણ સ્વીકાર, કનેક્ટ હાર્ટ ટુ હાર્ટ'* ના ભાવવાહી કાર્યક્રમનું આયોજન ર્ક્યું. પ્રોજેક્ટસ, એક્ટીવીટીઝ, બેક ગ્રાઉન્ડ સ્પીચ, સોંગ્સ સાથે લાસ્ટ મિનીટ પ્રીપેરેશન્સ્ ! દરેક પેરેન્ટસ્‌ને પર્સનલાઈઝડ ઈન્વીટેશન કાર્ડ અર્હમાઈટસ્ જાતે આપવા ગયાં, જેથી એમને સ્પેશિયલ ફીલ થાય અને દિલથી કાર્યક્રમમાં આવવાનું આમંત્રણ આપ્યું.

ફાઈનલી... ઈવેન્ટની ઈવનીંગ આવી, સમયસર એક પછી એક પેરેન્ટસ આવતા ગયાં. એન્ટ્રેન્સ પર જ એમનાં ઉષ્માભર્યા સ્વાગત સાથે સાફા પહેરાવ્યાં જે એમનાં માટે આશ્ચર્ય સહ આનંદની ક્ષણ હતી. એમને કલ્પના પણ ન હતી કે અમારૂં આવું વેલ્કમ થશે !

કાર્યક્રમની શરૂઆત થઈ અને દરેક પેરેન્ટસના ચહેરા પર એક કવેશ્ચન માર્ક હતો... આ ઋણ સ્વીકાર કાર્યક્રમમાં શું હશે ? ઋણ સ્વીકાર તો પૂજય ગુરુદેવનું હોય, તો પછી અમને આ માન સન્માન અને સાફા શા માટે ? ? એમાં પણ સંચાલક વારંવાર જિજ્ઞાસા જગાડે તમે જે વિચારો છો, એવો આ કાર્યક્રમ નથી... અને પછી તેણે કહ્યું, હું તમને એક વિનંતી કરૂં છું... તમે ક્યારેય તમારા બાળકોને અર્હમ યુવા સેવા ગ્રુપ માં આવતા અટકાવશો નહીં, આ હું તમને અત્યારે એટલાં માટે કહું છું, કેમકે કાર્યક્રમ પછી કહેવાનું પોસીબલ

નહીં થાય. જિજ્ઞાસા વધુ અકળાવનારી બની ગઈ, કાર્યક્રમ પછી શું હશે ?

અને પૂજ્ય ગુરુદેવની આજ્ઞા અને આશીર્વાદ સાથે એકચ્યુઅલ કાર્યક્રમની શરૂઆત થઈ. અર્હમાઈટસે સૌથી પહેલાં મમ્મી - પપ્પાનો આભાર અને ઉપકાર માન્યો કે એમણે અમને અર્હમમાં જોડાવાની પરમીશન આપી અને પછી રડતાં હૃદયે અને રડતી આંખે એમની માફી માંગી, એમને સોરી કહ્યું કે અમે એમને પૂરતો સમય આપી નથી શક્તાં, ઈવન પોતાના બેડ અને રૂડ બિહેવીયર માટે પણ માફી માંગી અને નિર્ણય મમ્મી-પપ્પા પર છોડયો કે અમે જે કરીએ છીએ તે રાઈટ છે કે રોંગ તે તમે જ નક્કી કરો ! એ સમયે દરેક અર્હમાઈટસની આંખોમાં તો અશ્રુની ધાર હતી પણ દરેકના મમ્મી પપ્પા પણ લીટરલી રડી રહ્યાં હતાં. જેમના બાળકો અર્હમમાં નથી એ પેરેન્ટસ્ પણ રડી રહ્યાં હતાં. પછી તો બધાં જ અર્હમાઈટસ પોતાના મમ્મી પાસે ગયાં અને એમની ગોદમાં નાના બાળકની જેમ રડી પડયાં, તેઓ એ ભૂલી ગયાં કે તેઓ ક્યાં છે, આજુબાજુ કોણ છે, કોણ જોઈ રહ્યું છે ? બસ, જાણે હૃદય ખાલી કરી રહ્યાં છે, મન હળવું કરી રહ્યાં છે.

આવું દૃશ્ય આ પહેલાં ક્યારેય સર્જાયું હશે ? આજે એક એક પુરુષોની આંખોમાં પણ આંસુની ધાર છે, એ ક્યારે આવે ? જ્યારે હૃદય પૂર્ણ પણે ભિંજાય જાય ત્યારે જ તે આંસુ રૂપે વહેવા લાગે.





## કેદીઓને બ્લેન્કેટસ્...

અમરાવતીની જેલ જ્યાં 1100 કેદીઓ વચ્ચે માત્ર 900 જ બ્લેન્કેટસ્ અને શિયાળાની કડકડતી ઠંડી! અર્હમ ગ્રુપને ખબર મળ્યાં. જેલની ફોર્માલીટીસ્ કંઈક અલગ હોય, જેમને સેવા જ કરવી છે તે ગમે ત્યાંથી માર્ગ શોધી લે છે. પરમીશન અને ફોર્માલીટીસ પૂરી ક્ર્યાં પછી જ્યારે જેલની તોતીંગ દિવાલોની અંદરની દુનિયા જોઈ ત્યારે બહારની દુનિયા વધુ સુંદર લાગી. કેદી ભાઈઓ અને બહેનો, થયેલી ભૂલનો પસ્તાવો, પરિવારથી દૂર અને પરિવારની ચિંતામાં... પ્રતિકૂળતાઓની વચ્ચે પરિશ્રમ... ચહેરા પર વ્યથા અને વેદના !




પૂજ્ય ગુરુદેવે આપેલી સમજના અંશો તેમને સમજાવ્યા ત્યારે તેમણે કહ્યું, ‘‘ અમને મનોરંજન માટે મુવી તો ઘણા બતાવે છે, પણ આજે પહેલીવાર તમે મનોમંથન કરાવતી વાત કરી. આ મંથન અમારા જીવનને નવો વળાંક આપશે. અહીંથી છૂટયા પછી અમારા બાળકોને પણ આવી સમજ આપી સાચા ઈન્સાન બનાવીશું.’’




# Our Mission is to help!

## Those who NEED it.....

**રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પાસે આવતાં રોજના સેંકડો પત્રો**

## જેના સમાધાનથી અનેકોને મળતી સમાધિ...

## આ છે આજના સમાજની સ્થિતી... !



મારા હસબન્ડ drinks રોજ લે છે અને કામધંધો કાંઈ કરતા નથી. લોનનું કામ છે પણ એમાં બધાં પાસેથી પૈસા લે છે, પણ કામ થતું નથી. પૈસા વપરાય જાય છે. પૈસા લેવા માટે બધા લોકો ઘરે પણ આવે છે કોઈને પૈસા પાછા આપી શકતા નથી. હું રોજ એમની માટે શુભ ભાવના ભાવુ છું, પણ મને કાંઈ જ ફરક દેખાતો નથી . મારે શું કરવું. મને કાંઈ સમજાતું નથી.

હું ઘાટકોપરમાં ખાખરાનો ધંધો કરૂં છું. પરિવારમાં બા, બાપુજી, ભાઇનું મૃત્યુ થઇ ગયું છે. જે રૂમમાં રહું છું. તેનું 10,000 રૂપિયા ભાડું ચુકવું છું. આપ મને મદદ કરો.



આપને નમ્ર વિનંતિ સાથે જણાવવાનું કે હું પોતે રિક્ષા ચલાવવાનું કામ કરૂં છું. મારા ધર્મ પત્ની અવસાન પામેલ છે. મારે એક દિકરો છે જે મારી બહેનનાં ઘરે ભણે છે. મારા ધર્મ પત્નીની બીમારીને કારણે મારે માથે કર્જ પણ થઈ ગયેલ છે અને દીકરા એ એસ.એસ.સી માં 60% લાવેલ છે હવે કોલેજ ફી કલાસિસ ફી વગેરેમાં હું પહોંચી શકું તેમ નથી. મારી બહેન ની આર્થિક પરિસ્થિતિ પણ વધારે સારી નથી કે મને વધારે મદદ કરી શકે. તો આપને યોગ્ય લાગે તો કોલેજ ફી, કલાસીસ ફી મદદ માટે આશા રાખું છું અને દિકરો યંગ છે તો આપ અર્હમ ગ્રુપ માં પણ સામેલ કરશો તો મને આનંદ થશે. તમોને યોગ્ય લાગે તો મદદ કરવા વિનંતી. (1) દીવાળી ના વેકેશન માં ચીંચવડ ની શીબીર મારા દીકરાએ કરેલ છે (2) કોલેજના સમય પછી જો કોઈ કામ પાવનધામ અથવા કોઈની ઓફીસમાં મળે તો પણ કરવા તૈયાર છે. કોમ્પ્યુટર આવડે છે. (3) પાવનધામ લાઈબ્રેરી માં વિનાં મુલ્યે મેમ્બરશીપ મળે તજવીજ કરાવી આપવા વિનંતી.

બહુ બધી આશા સાથે લખુ છું.

મારા બાબાનું નામ .......... છે એને અત્યારે S.S.C ની exam પાસ કરી છે એને અત્યારે 90% માર્કસ આવ્યા છે અને કોમર્સ લાઈન લીધી છે.

એને ભણવાની અને અમને ભણાવવાની ખૂબ આશા છે પણ પરિવારના આર્થિક સંજોગો એવા છે કે વધારે કરી શકીએ તેમ નથી...

હું ચાર ઘરના વાસણ, કપડાં, ઝાડું, ફટ્ટાનું કામ કરી માંડ માંડ ઘર ચલાવું છું. મને એક બાબો ઉંમર-5 વર્ષ, એક બેબી- 6 વર્ષની છે. જેઓ સ્કૂલમાં ભણે છે. મારા વરની તબિયત છેલ્લા એક વર્ષથી સારી નથી. કિડની પ્રોબ્લેમ છે. ડૉક્ટરની ફી અને દવાનો ખર્ચ હર મહિને પાંચ હજાર રૂપિયા છે.

આપને વિનંતિ છે મને ડૉક્ટરની ફી અને દવા માટે રૂપિયાની ખૂબ જરૂર છે. આપ મને મદદ કરશોજી.

प्रणाम !


आपकी कृपा से जिंदगी जी रहे है। बच्चे बहुत तेज दिमागवाले है, पर उनको पढाने के लिए हमारे पास पैसे नहीं है। सुबह-शाम का खाना मुश्किल से होता है। आप हमे बच्चोंकी Fees के लिए और घर में कुछ अनाज की कृपा कर के मदद कीजिए।








મને કેન્સર થયું છે. ઓપરેશન હમણા કરાવું છે. પરંતુ હજુ બહુ ડર લાગે છે ઘરની એવી પરિસ્થિતિ નથી કે ઓપરેશન કરાવી શકું. હું તમારી પાસે કઇંક આશા લઇને આવી છું તો મને આપના આશીર્વાદ અને મદદની જરૂર છે.



**જેમને આપવામાં આવે છે**
**અનેક પ્રકારે સહાયથી સમાધાન!**







## અમારા ચહેરા પર આ સ્મિત !!!
## ફળ છે અર્હમ યુવા સેવા ગ્રુપની સહાયનું !!!

અર્હમ યુવા સેવા ગ્રુપ એટલે પસ્તીથી પરોપકાર અને પરોપકારથી પરમાત્મા સુધીની યાત્રા.
આ યાત્રાના યાત્રિકો એટલે અર્હમ યુવા સેવા ગ્રુપના યંગસ્ટર્સ
જે છે વર્તમાન યુગના વેલ એજયુકેટેડ અને વેલ ટુ ડુ ફેમીલીના લાડકા સંતાનો !

અર્હમ યુવા સેવા ગ્રુપ એટલે રાષ્ટ્ર ઉન્નતિ અને સમાજ ઉત્કર્ષની ભાવનાવાળા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીનું સર્જન અને એમની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર થતા સત્કાર્યો અને સેવાકીય પ્રવૃતિ, જેનાથી રાષ્ટ્રની સંપતિ, સંતતિ, યુવાધન અને પશુધનનો ન માત્ર વ્યર્થ વ્યય અટકે છે પણ એનો પોઝીટીવ, પ્રોગ્રેસીવ અને પ્રેરણાત્મક સદ્ઉપયોગ પણ થાય છે.

### અર્હમ યુવા સેવા ગ્રુપના યંગસ્ટર્સ સદ્ગુરુના સાંનિધ્યે આવતાં...

- હજારો પેરેન્ટસ્ યુવા સંતાનોના અવળા માર્ગે જવાની અને વ્યસની બનવાની ચિંતાથી મુક્ત થયાં છે.
- યુવા શક્તિનું સંગઠન થતાં યુવા શક્તિના પાવરહાઉસનું સર્જન થયું છે.
- યંગસ્ટર્સ માનવસેવા અને જીવદયાના સત્કાર્ય અને સેવા સાથે સાધના અને સત્યની સમજ પણ પ્રાપ્ત કરે છે.
- માનવતાના ગુણો સાથે આધ્યાત્મિક વિશ્વમાં પણ પ્રતિ દિન વન સ્ટેપ અપ થાય છે.

### વેસ્ટ ન્યુઝ પેપર્સ દ્વારા સ્વાવલંબી બનતાં...

અર્હમ યુવા સેવા ગ્રુપનો એક મોટો ગુણ છે, સેવા કરવી પણ સ્વાવલંબી બનીને !! એટલે તેઓ સેવા માટેનું ફંડ એકત્રિત કરવા ઘરે ઘરે જઈ ઓલ્ડ ન્યુઝ પેપર્સ કલેકટ કરે છે. કલ્પના કરો, ડૉકટર્સ, એન્જિનીયર થયેલાં, મલ્ટી મિલીનીયર્સ અને ઈન્ડસ્ટ્રીયાલીસ્ટના એકના એક પુત્ર જે આખુ વીક સુટ-સફારી અને ટાઈમાં મર્સીડીઝમાં ફરતા હોય અને એ જ પુત્રો રવિવારે સવારે વહેલા ઊઠીને શ્વેત વસ્ત્રોમાં ઘરે ઘરે જઈને પસ્તી કલેકટ કરવા જતા હોય ! અનાથાશ્રમ, ઝૂંપડપટ્ટી અને આદિવાસી વિસ્તારમાં માનવસેવા કરતાં હોય અથવા પાંજરાપોળમાં જઈ પશુઓને પોતાના હાથે પ્રેમથી રોટલી અને ગોળ ખવરાવતાં હોય તો ક્યારેક સમૂહમાં ભેગા થઈ પરમાત્માની સ્તુતિ અને ગુરુભક્તિ કરતાં હોય !!

### શા માટે કરે છે તેઓ આ બધું? શું મળે છે તેમને??? તેઓ કહે છે :

પ્રથમ તો અમને પૂજ્ય ગુરુદેવનો પ્રેમ, પ્રેરણા અને પોઝીટીવ વાઈબ્રેશન્સ્ મળે છે. સેવાના પ્રેકટીકલ પ્રયોગથી આત્મ સંતોષ, એક અંતરનો આનંદ અને એવી ખુશી મળે છે જે આજ સુધી મિત્રો, સ્નેહીઓ, પાર્ટીઓ કે ડીસ્કોથી ન

હતી મળી.

હંમેશા સુખ, સગવડતા અને સાનુકૂળતાઓ જ જોઈ હતી, અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ અને ઝૂંપડપટ્ટીની મુલાકાતે એ સુખનું મૂલ્ય સમજાવી દીધું. નિરાધાર બાળકોની દયનીય પરિસ્થિતિએ માતા-પિતાની વેલ્યુ સમજાવી દીધી, કર્મની થીયરી સમજાવી દીધી. દુ:ખ, અગવડતા અને પ્રતિકૂળતા સિક્કાની બીજી બાજુ છે એ સત્ય સમજાય ગયું.

પસ્તી કલેકટ કરવા જતી વખતે થતાં કડવા-મીઠા અનુભવો અને મળતાં માન-સન્માનથી ઈગો ઝીરો થાય છે, સહનશીલતા, સમતા અને સમભાવના ગુણોનો વિકાસ થાય છે. વિનય અને વિવેકમાં વૃધ્ધિ થાય છે અને આ બધું જ અમને પ્રેકટીકલ લાઈફમાં, રીલેશન્સમાં અને બિઝનેસમાં હેલ્પ ફુલ થાય છે.

સત્ય અને કર્મની સમજ પ્રાપ્ત થતાં અમે ઘણી બધી હિંસા અને પાપથી બચી શકીએ છીએ. અમારો પોઝીટીવ એટીટયુડ અને પોઝીટીવ એપ્રોચ અમને દરેક ક્ષેત્રમાં પ્રીતિપાત્ર બનાવે છે, પ્રગતિ કરાવે છે.

અમારી સેવા, સાધના અને સમર્પણતાથી અમારા લક ગુડલકમાં કનવર્ટ થાય છે જે અમને દરેક સ્થાને સિધ્ધિ અને સફળતા અપાવે છે.

પરમાત્માની સ્તુતિ અને ગુરુભક્તિ અમને સતત સત્થી કનેક્ટેડ રાખે છે, મનને શાંત અને ચિત્તને પ્રસન્ન રાખે છે.

પૂજ્ય ગુરુદેવના મિશન સાથે જોડાયેલા રહેવાથી અમે ભાવ અને વાઈબ્રેશન્સ્થી સતત પૂજ્ય ગુરુદેવ સાથે જોડાયેલા રહીએ છીએ, સતત એમના સાથે હોવાનો અહેસાસ થાય છે અને એની સાબિતી રૂપે અમને સતત કંઈક નવુ અને કંઈક અનેરૂં કરવાની પ્રેરણા મળે છે, મુંઝવણમાં માર્ગદર્શન મળે છે. એવું ફીલ થાય છે જાણે બે અદ્દશ્ય આંખો અમને સતત જોઈ રહી છે, જેના કારણે અમે કાંઈ પણ ખોટું કે અયોગ્ય કરતાં અટકી જઈએ છીએ.

અર્હમ યુવા સેવા ગ્રુપમાં જોડાવાથી, એ પરિવારના સભ્ય બનવાથી અમને એ બધું તો મળ્યું જેની માટે અમે આટલાં વર્ષોથી વ્યર્થ દોડાદોડી કરતાં હતાં, ટેન્શનમાં જીવતાં હતાં, અશાંત રહેતાં હતાં, અકળામણ અનુભવતા હતાં અને એ ઉપરાંત અમને એ બધું પણ મળ્યું, જે અમે ક્યારેય વિચાર્યું ન હતું, જેની કલ્પના પણ ન હતી અને જે ધાર્યું પણ ન હતું.



## અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા થતાં સત્કાર્યોથી "સમાજ અને રાષ્ટ્ર ઉત્કર્ષ."

❇ સમયે મળતી સહાયના કારણે લાખો ચહેરા પર સંતોષનું સ્મિત આવે છે.

❇ ભૂખ્યાંને ભોજન અને જે ઘરમાં કમાનાર કોઈ નથી ત્યાં ગુપ્ત રીતે ગ્રોસરી પહોંચી જતાં પેટ માટે થતાં પાપો અટકે છે, પેટ ભરાઈ જતાં ભગવાનની ભક્તિ કરવાના ભાવ થાય છે, ભગવાન પ્રત્યે અહોભાવ થાય છે. બાળકો 'બાળ મજુર' બનતા અટકી જાય છે. ચોરી અને આત્મહત્યાના વિચારો આવતા નથી. ગુનાહિત પ્રવૃતિઓનો આંક ઘટે છે.

❇ સમયસર સ્કૂલ, કોલેજની ફી, બુકસ, નોટબુકસ આદિ મળતાં કેટલાંય બાળકો આજે ગ્રેજયુએટ, ડૉકટર, એન્જિનીયર, વકીલ અને ટેકનોલોજી શીખીને માતા-પિતાનો સહારો બન્યાં છે, પરિવારનો આધાર બન્યાં છે અને આજે તેઓ પણ યથાશક્તિ અન્ય બાળકોને જ્ઞાનભ્યાસમાં સહાયરૂપ બને છે. અર્થાત્ સહાયની એક ચેઈનથી સમાજમાં જ્ઞાની અને સમજુ વર્ગ વધી રહ્યો છે જે દેશના ઉજ્જવળ ભવિષ્યનું પરિબળ છે.

❇ અર્હમ યુવા સેવા ગ્રુપ વૃધ્ધ, અપંગ અને નિ:સહાયને નિ:સ્વાર્થ ભાવે સહાય કરે છે જ્યારે બેરોજગાર, યુવા અને સશક્તને સીલાઈ મશીન, કોમ્પ્યુટર આદિ આવકના સાધનોની સહાય દ્વારા સ્વાવલંબી બનાવે છે અને પેપર બેગ્સ, નાસ્તા, એન્વેલ્પસ્ આદિ જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવવા માટે અને એના વેચાણ માટે પણ મદદરૂપ થાય છે. જેના કારણે આજે સમાજના કેટલાંય પરિવારો સ્વમાનભેર ન માત્ર જીવી રહ્યાં છે પણ એમની નાનકડી સંપતિમાંથી પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી સત્કાર્યમાં વાપરી પુણ્ય પ્રાપ્તિનો આનંદ માણી રહ્યાં છે.

❇ સમયસર મેડીકલ હેલ્પ દ્વારા બ્લડ, દવા, ટ્રીટમેન્ટ અને હાર્ટ સર્જરી જેવામાં સહાય મળી જતાં આજે કેટલાંય

લોકો અકાળે મૃત્યુ પામતા બચી ગયાં છે, કેટલાંય પરિવારો નિરાધાર થતાં બચી ગયાં છે અને કેટલાંય બાળકો અનાથ બનતાં બચી ગયાં છે.

❇ વિધવા માતાના સંતાનોને એજયુકેશન હેલ્પ મળતાં વિધવા માતાઓના ચહેરા પર પણ સ્મિત આવ્યું છે, એક સંતોષ મળ્યો છે કે એમના બાળકો ભણશે અને સારી નોકરી મળશે જેના કારણે પરિવારમાં ખુશી આવશે.

❇ આદિવાસી વિસ્તારોમાં વોટર ટેન્ક, સોલાર લાઈટસ્, એજયુકેશનલ એસેસરીઝ મળતાં તથા અવરનવર થતાં મેડીકલ કેમ્પ, આય ચેક અપ કેમ્પ આદિના કારણે એ વિસ્તારો પણ વિકાસ પામી રહ્યાં છે.

❇ નાના નાના ગામડાઓમાં બબ્બે કિલોમિટર દૂર સુધી ચાલીને ભણવા જતાં બાળકોને સાઈકલની વ્યવસ્થા કરી આપવાથી એ સમયમાં બાળકો વધુ અભ્યાસ કરી શકે છે અને એમની શારીરિક ક્ષમતા પણ વધે છે.

**આદિવાસી વિસ્તાર અને ગામડાનો વિકાસ**
**એ જ સમાજ અને દેશનો વિકાસ ! !**

❇ અર્હમ કેરિયર ગાઈડન્સ સેમિનાર દ્વારા 10$^{th}$ અને 12$^{th}$ ના સ્ટુડન્સ્ને યોગ્ય માર્ગદર્શન અને એમની રૂચિ અને ક્ષમતા અનુસાર ગાઈડન્સ મળવાના કારણે તેઓ અભ્યાસમાં સારી પ્રગતિ કરી રહ્યાં છે અને સમાજમાં વધુ ડૉકટર અને વકીલ જેવા સમાજ સેવકો તૈયાર થઈ રહ્યાં છે.

❇ મહાનગર કોલકત્તા જેવા ક્ષેત્રોમાં, કાળઝાળ ગરમીમાં ગરીબ, મજુર અને રાહદારીઓને શીત અને ફીલ્ટર પાણી મળે એ લક્ષ્ય સાથે 45 થી વધુ વોટર કુલર લગાવ્યાં છે.

❇ અબોલ જીવોને, પશુ પક્ષીને નિયમિત રૂપે દાણા અને પાણી મળે તે માટે ઘર-ઘરમાં 'દાના-પાની' ની વ્યવસ્થા અને રસ્તામાં થોડા થોડા અંતરે સીમેન્ટના પાણીના ટબ મૂકી જીવોની તૃષાને ઠારે છે.

❇ જયપુર ફુટ અને ઓર્થોપેડિકના સાધનો મળતાં અનેક લોકો ઓશિયાળી જીંદગીથી મુક્ત થયાં છે અને નોકરી પણ મેળવી શક્યાં છે.

❇ પારસ અન્નદાન અને પાવન અન્નદાન વેન દ્વારા દરરોજ બપોરે ભૂખ્યાંને ભોજન આપવાનો અર્હમનો આનંદ પણ અલગ જ હોય છે.

❇ અર્હમ પરિવાર તો ક્યારેક હોટલ અને રેસ્ટોરન્ટની બહાર ભીખ માંગતા મજબૂર બાળકોને રેસ્ટોરન્ટમાં જમવા લઈ જાય છે તો ક્યારેક એમ્યુઝમેન્ટ પાર્કમાં પણ લઈ જાય છે.


અહિંસા રેલી દ્વારા વિશ્વશાંતિ અને વિશ્વ મૈત્રીની ભાવનાની પ્રેરણા કરે છે, ફ્લડ, અર્થક્વેક, બોમ્બ બ્લાસ્ટ, ફાયર આદિ નેચરલ અને માનવ સર્જિત આફ્તોના સમયે પણ અર્ધી રાતે સહાય કરવા દોડી જાય છે. આવી અનેકવિધ પ્રવૃતિઓ સાથે અર્હમ યુવા ગ્રુપ જીવદયાના સત્કાર્યોમાં પણ સદાય અગ્રેસર હોય છે. પૂજ્ય ગુરુદેવની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર નિત નવા પ્રયોજનો દ્વારા કત્લખાને જતાં પશુઓને બચાવી, બકરી ઈદના હજારો બકરીઓને અભયદાન અપાવી, પીંજરામાં પૂરાયેલા પશુઓને મુક્ત ગગનમાં વિહારમાન કરાવી, ગેરકાનુની કત્લખાનાઓને અટકાવવામાં યોગદાન આપી, ઘાયલ અને બીમાર પશુ-પક્ષીઓની સાર-સંભાળ કરી, દેશના પશુધનને બચાવવામાં પણ અર્હમનો અમૂલ્ય ફાળો છે, તન, મન, ધન અને સમય તથા શક્તિ દ્વારા અનન્ય યોગદાન છે.

અર્હમ યુવા સેવા ગ્રુપ સમાજના વિકાસમાં સક્ષમ પુરવાર થયું છે, સમાજના ઉજ્જવલ ભવિષ્ય માટે આશાનું કિરણ બન્યું છે, દેશના વિકાસનું એક આગવું પરિબળ બન્યું છે.

*ARHAMITES BELIEVE IN*
***"THERE IS NO HIGHER RELIGION THAN HUMAN SERVICE."***





ARHAMITES SONAL AJMERA, CHETAN AJMERA

*Those living in the USA*
*who miss being part of these noble activities*
*and wish to stay connected or give Seva*
*can get in touch with:*
*Arhamite Sonalben Ajmera at*
*sonal@arham.org or +1-240-328-0808.*
*If you wish to make a year-end tax deductible*
*contribution of any amount for Arham Inc.,*
*please send your cheque (check in USA) to Arham Inc.,*
*521 Avenleigh Ct., Ashton, MD 20861*
*Tax ID #46-5602267 as per IRS Section 501(c)(3)*

With divine Gurukrupa and brave efforts from Arhamite Sonalben Ajmera, it is our great pleasure to announce that Arham Yuva Seva Group (AYSG) is now registered as a Non-Profit Organization called ARHAM INC. in the United States of America.

AYSG's selfless humanitarian activities and splendid contribution towards the society is no more limited to the motherland of India. AYSG is spreading it's wings to spread smiles to every possible corner of the world.

ARHAM Inc. USA GROUP
HUMANITY TO DIVINITY

*"Arham Yuva Seva Group is proud to have members like Chetanbhai & Sonalben Ajmera who offers Seva selflessly."*

*- Expressed by Arhamite Rashmin Mehta, President, Arham Yuva Seva Group.*

"The best way to find Yourself is to loose Yourself in the SERVICE to OTHERS!"

- Mahatma Gandhi

# Heartfelt Gratitude!

## અમે ઋણી છીએ...

અસીમ ઉપકારી પ્રેરણાદાતા પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ માહરાજ સાહેબના, જેમની પ્રેરણા અને માર્ગદર્શનથી અમને સેવા કરવાની આ અમૂલ્ય તક મળી... જેમના આશીર્વાદ અને કૃપાથી અમારા હૃદયમાં દયા, કરૂણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી અને ક્ષમાના ભાવ પ્રગટયા, માનવભવ સાર્થક કરવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો... મોક્ષ માર્ગની મંઝિલ મળી !

## અમે આભારી છીએ...

**સમસ્ત ભારત અને વિદેશના એ સર્વ પરિવારોના...**

જેમના પસ્તીના દાનથી અમે સમાજ ઉત્કર્ષના સત્કાર્યો કરી શકીએ છીએ.

**સમસ્ત ભારત અને વિદેશના એ સર્વ સંઘરત્ન યોજનાના સભ્યોના...**

જેમના માસિક અનુદાનથી અમે માનવતા અને જીવદયાના સત્કાર્યો કરી શકીએ છીએ...

**સમસ્ત ભારત અને વિદેશના એ સર્વ ઉદાર હૃદયા દાનેશ્વરીઓના...**

જેમની સંપતિદાનની સદ્ભાવનાથી અમે જરૂરિયાતમંદોની જરૂરિયાત પૂરી કરી શકીએ છીએ.

*We express our heartfelt gratitude to all the donors, well-wishers, supporters and members of AYSG. It's really impossible for us to make this contribution of humanity to the world without your support and cooperation.*

*Together, we have pledged to make this world a peaceful and better place, and together we shall do it!!!*

***- Arham Yuva Seva Group***

## THE REAL HEROES:

All the members of AYSG work day-in and day-out for every endeavor undertaken by AYSG. Arhamites miss their family and social life many times just so they can gift happiness to someone needy. They take extra time out from their daily schedule to do their bit for the society.

Arhamites, you all are real rockstars! It's your hard work and dedication along with divine blessing of our Pujya Gurudev that keeps the show going on. Without you it would not have been possible for AYSG to reach such great heights. We have a long way to go and this journey on the path of humanity shall reach new level with every passing day. *Let's keep up the great work!*

> "एक चिन्गारी उठी किसी के दिल में,
> **और आसमाँ थम गया,**
> एक राह नई गुरुने दिखाई,
> **और कारवाँ बढता ही चला गया...**"

***- From the desk of PRESIDENT***

Registered with Registrar of Newspapers under RNI NO. MAHMUL/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/14-16 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2014-16
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 05-06-2015



*A vision to sow Seva seeds, in each and every heart that beats...*
*A seed of humanity which grows, with compassion and love it flows...*
*In the direction to offer selfless help, one ends up discovering their True Self!!*

www.arham.org 07666708869 info@arham.org
/ArhamYuvaSevaGroup /AYSGIndia /ArhamYuvaSevaGroup /AYSGIndia